અપીલ અરજી નં.૩૩/૦૮–૦૯ તા. ૧૩–૫–૦૮

અરજદારઃ શ્રી એમ.એસ.એચ.શેખ
સામાવાળાઃએડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી

## હુકમઃ–

વિષયઃ– આરટીઆઈ એકટ હેઠળ શ્રી એમ.એસ.એચ.શેખ ની તા.૨૪–૩–૦૮ ની કોઝવેના ઉપરવાસનો વોટર કવોલીટી, રીપોર્ટ, નદીમાં ગંદા પાણીનો પ્રવેશ અટકાવવા લીધેલા પગલા,ડીવીડર મશીન ઓપરેશન વિગેરેની માહિતી માંગતી અરજી બાબત.

સંદર્ભેઃ–અરજદાર મજકુરની તા.૧૩–૫–૦૮ ની અપીલ અરજી નં.૩૩/૦૮–૦૯

શ્રી એમ.એસ.એચ.શેખ ની તા.૨૪–૩–૦૮ ની કોઝવેના ઉપરવાસનો વોટર કવોલીટી, રીપોર્ટ, નદીમાં ગંદા પાણીનો પ્રવેશ અટકાવવા લીધેલા પગલા,ડીવીડર મશીન ઓપરેશન વિગેરેની માહિતી માંગતી અરજી બાબતે આપેલ જવાબમાં ખોટી અને અધૂરી માહિતી આપેલ હોવાનું જણાવી એપેલેટ ઓફિસરને તા.૧૩–૫–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મુળ અરજીની નકલ તથા નોંધ વિભાગ સહિત આપવા જોગ પૂરક માહિતી પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૧૩૬ તા.૧૬–૫–૦૮એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારીને પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને એચઈડી/આ./૭૨૮ તા.૨૮–૫–૦૮ ના રોજ અત્રે પૂરક માહિતી પૂરી પાડવામાં આવેલ. જે અનુસાર નદીમાં પડતા ખાડીના આઉટલેટ બંધ કરવા લીધેલા પગલાં તેમજ ડીવીડર મશીન ખરીદી અંગેની પૂરક વિગતો તેમાં જણાવેલ સાથે મોકલેલ માહિતી અનુસાર તેઓ કક્ષાએથી પત્ર નં.૨૯૦ તા.૨૪–૪–૦૮ થી અરજદારને માહિતી પૂરી પાડવાના પત્રની નકલ મોકલેલ. જે અનુસાર અરજદારની અરજીના મુદ્દા નં.૧ થી ૫ અંગે મનપા ધ્વારા કોઈ એજન્સી મારફતે રીપોર્ટ કરાવેલ નહી હોવાનું જણાવેલ તથા મુદ્દા નં.૬ અને ૭ અંગે અરજદારને દફતરી માહિતી પૂરી પાડેલ.

અરજદાર તરફથી તા.૧૩–૫–૦૮ ના રોજ નમુના'જ' માં અપીલ અરજી કરેલ નથી. પરંતુ એપેલેટ ઓફિસરને પત્ર રૂપે અપીલ અરજી કરેલ. જેમાં અરજી કોને સ્પર્શે છે તે જાહેર માહિતી અધિકારીનો ઉલ્લેખ કરેલ નથી. તેમજ નિયમો મુજબ માહિતીની વિગતો અને અરજી નકલ પણ સામેલ કરેલ ન હતી જેથી અરજદારને આરટીઆઈ સેલ/૧૩૬ તા.૧૬–૫–૦૮ થી પૂર્તતા કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે અંગે અરજદાર તરફથી મોકલેલ 'જ' ફોર્મ ભરી મુળ અરજીની નકલ અને માહિતી અધિકારીએ આપેલ માહિતીની નકલ સાદા કાગળ પર અપીલના મુદ્દાઓ અને તા.૯–૩–૦૮ તાપીના રો–વોટર બાબતે પ્રસિધ્ધ થયેલ સમાચારનું કટીંગ સાથે પ્રત્યુત્તર પાઠવેલ.જે ધ્યાને લઈ બંને પક્ષકારોને સુનાવણી માટે બોલાવવાની કાર્યવાહી હાથ ધરવામાં આવેલ .

ઉકત બાબતે અરજદારને તા.૭–૬–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે સુનાવણી માટે બોલાવવામાં આવેલ પરંતુ અરજદાર સદર સુનાવણીમાં ઉપસ્થિત રહેલ ન હતા પરંતુ જાહેર માહિતી અધિકારી તરફે ઉપસ્થિત પ્રતિનિધિએ તેઓ કક્ષાએથી આ અંગે અરજદારને તેમના પત્ર નં.૮૬૦ તા.૬–૬–૦૮ અન્વયે વધુ સ્પષ્ટીકરણ કરી પૂરક માહિતી મોકલવાનું કાર્યવાહી હેઠળ હોવાનું જણાવી નકલ રજૂ કરેલ. તેમ છતાં અરજદારને સુનાવણીની વધુ એક તક આપી તા.૧૩–૬–૦૮ ના રોજ સાંજે ૪–૦૦ કલાકે પુનઃ સુનાવણીમાં બોલાવવામાં આવેલ. અરજદારે હાજર રહી રજુઆતમાં રો–વોટર રીપોર્ટની નકલ દિવ્યભાસ્કર અખબારના સમાચાર આધારે માંગેલ છે. મહાનગરપાલિકા ધ્વારા વિયર કમ કોઝવેના ઉપરવાસમાં નદીમાં ઠલવાતા પ્રદુષિત બાબતો અંગે શું કાર્યવાહી થઈ છે તેની વિગત માંગવામાં આવેલ. તથા ડીવીડર મશીન હમણાં ખરીદેલ છે તેમ છતાં ત્રણ વર્ષનો નિભાવ ખર્ચ કેવી રીતે થયો તેવી રજુઆતો કરવામાં આવેલ.

જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને મુળ અરજીમાં મુદ્દા નં.૧ થી ૭ માં માંગેલી માહિતી એચઈડી/આ/૨૯૦ તા.૨૪–૪–૦૮ ના રોજ પુરી પાડવામાં આવેલ છે. તથા પૂરક માહિતી તરીકે એચઈડી/આ.નં.૮૬૦ તા.૬–૬–૦૮ ના રોજ પૂરી પાડવામાં આવેલ છે. તેમજ તા.૧૩–૬–૦૮ ના રોજ સુનાવણી દરમ્યાન સુરત મહાનગરપાલિકા ધ્વારા રો–વોટર કવોલીટીના સ્ટડીઝ માટે કોઈ સંસ્થા કે એજન્સી રોકવામાં આવેલ નથી. તેમજ એવો કોઈ રીપોર્ટ મેળવવામાં આવેલ નથી તેથી તેની નકલ આપવાનો પ્રશ્ન નથી. તથા પ્રદુષિત બાબતો અંગે માંગેલ માહિતી આપવામાં આવેલ હોવાનું જણાવેલ. ડીવીડર મશીન અંગે કરારના ભાગ તરીકે ત્રણ વર્ષ માટે વાર્ષિક નિભાવ ખર્ચની વિગતો આપવામાં આવેલ હોવાનું જણાવેલ.

અરજદારની મૂળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૨૪–૩–૦૮ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૭ માં માંગેલી માહિતી અન્વયે એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ધ્વારા પત્ર નં.એચઈડી/આ/૨૯૦ તા.૨૪–૪–૦૮ થી માહિતી પૂરી પાડવામાં આવેલ. વધુમાં અરજદારને એચઈડી/આ.નં.૮૬૦ તા.૬–૬–૦૮ ના રોજ પૂરક માહિતી પૂરી પાડતો પત્ર પાઠવી સ્પષ્ટીકરણ કરતી માહિતી પૂરી પાડવામાં આવેલ. તેમજ તા. ૧૩–૬–૦૮ ના રોજ સુનાવણીમાં જાહેર માહિતી અધિકારી ધ્વારા આપેલ માહિતીની દફતરી સુસંગતતાની સમજ પૂરી પાડી હોય હવે આ અપીલ અરજી અંગે કોઈ વિશેષ હુકમ કરવાનો રહેતો નથી .

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૫ –૦૮.

**ડે.કમિશ્નર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

***પ્રતિ***
(૧)એડીશનલ સીટી ઈજનેર અને જાહેર માહિતી અધિકારી,..... જાણ માટે
(૨) શ્રી એમ.એસ.એચ.શેખ,